## જન્મદિને વધામણી



**મીના એચ ત્રિવેદી**
પાસ્ટ પ્રેસીડેન્ટ, લાયોનેસ ક્લબ
મો. ૯૪૨૬૬૩૭૧૦૨



**પારૂલબેન દવે**
બ્રહ્મસમાજ મહિલા પાંખ



**કનુભાઈ આર વોરા**
ટ્રસ્ટી, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ



**ચંદ્રિકાબેન પરમાર**
મો. ૯૬૨૪૧ ૩૧૩૪૬



**નાજીમાબાનુ શેખ**
મો. ૯૪૨૭૬ ૯૭૨૦૯



**શબ્બીરહુસેન શેખ**
મો. ૯૪૨૭૬ ૯૭૨૧૦



**અસીમ પ્રવીણભાઈ પ્રજાપતિ**

### ચિલોડા ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ખાતે

# ઑલ ઈન્ડિયા સબ જુનિયર નૅશનલ રગ્બી ટચ ચૅમ્પિયનશીપ યોજાઈ



## ૧૬ રાજ્યોના ખેલાડીઓએ ચૅમ્પિયનશીપમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૯

તાલુકાના ચિલોડા ગામ સ્થિત ઓમ લૅન્ડમાર્કના પટાંગણમાં ઑલ ઈન્ડિયા સબ જુનિયર નૅશનલ રગ્બી ટચ ચૅમ્પિયનશીપ યોજવામાં આવી હતી, જેમાં અન્ડર-૧૪ વિભાગમાં ૧૬ રાજ્યોની ભાઈઓ તથા બહેનોની ટીમે ભાગ લીધો હતો.

ચૅમ્પિયનશીપના શુભારંભ પ્રસંગે મહાદેવભાઈ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના આચાર્ય જમનાદાસ સાવલિયા, પત્રકાર નટુભાઈ પટેલ, જિલ્લા રમતગમત અધિકારી અશોકભાઈ રાવલ, આચાર્ય સુનિલકુમાર કેશરી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ખેલાડીઓને શુભકામનાઓ પાઠવી હતી તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કરી તેમને અભિપ્રેરણ પૂરું પાડ્યું હતું.

# ઍનઍસઍસનાં સ્વયંસેવકો દ્વારા વિશેષ સફાઈ અભિયાન યોજાયું




શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરમાં અભ્યાસ કરતી ઍનઍસઍસની સ્વયંસેવી વિદ્યાર્થીનીઓએ એક વિશિષ્ટ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. સૅક્ટર-૨ ૩થી સૅક્ટર-૨૮ના રોડ ઉપર પડેલી દોરી, પતંગ, ટુક્કલ વગેરેને ઉપાડી લઈ આ વિદ્યાર્થીનીઓએ નગરજનોને સ્વચ્છ રસ્તાની ભેટ ધરી હતી. આ વિશિષ્ટ કાર્ય માટે વિદ્યાર્થીનીઓને આચાર્ય સુધાબેન પટેલ, વ્યાયામ શિક્ષક ઉર્વશીબેનનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

### આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી - વિનસ ખાતે

# ‘સેપ ઈઆરપી તથા સેપ હાના’ વિષયે એક દિવસીય સેમિનાર



ગાંધીનગર, તા. ૧૯

શહેરની આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસ ખાતે ૧૮જાન્યુઆરીના રોજ “સેપ ઈઆરપી તથા સેપ હાના” વિષય પર એક દિવસિય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૧૨૨થી પણ વધારે કમ્પ્યુટર એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સેપ હાના તથા સેપ ઈઆરપીમાં ઉજ્જવળ કારકિર્દી પ્રાપ્ત કરી શકે તેનું માર્ગદર્શન પૂરું પાડવાનું હતું.

આ સેમિનારનું આયોજન આદિશ્વર કોલેજ અને ડિજિટલ ટેકનોલોજી ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યુટ (ડીટીટીઆઈ)ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શ્રી રામ ત્રિપાઠી, બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર - ડીટીટીઆઈ દ્વારા સેપની કામગીરી, સેપ હાના, સેપ એઆરપી, મેનેજમેન્ટ માટેની અલગ અલગ પધ્ધતિઓ વિગેરેથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ઈઆરપી સોફ્ટવેરનો ખ્યાલ ઈ.સ.૧૯૬૦ની આસપાસથી થયો હતો. સેપ ઈઆરપી સોફ્ટવેરની શોધ કરનાર પ્રથમ સંસ્થા હતી. ડીટીટીઆઈ સંસ્થા ૫ વર્ષથી પણ વધારે સમયથી સેપની તાલીમ અને કન્સલ્ટિંગનો અનુભવ ધરાવે છે. સેપની મદદથી કોઈ પણ સંસ્થાને પ્રગતિની મોકળાશ મળી રહે છે. આ ઉદ્દેશ્યથી તેઓ મેમરી કોમ્પ્યુટીંગ ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેથી વિશ્લેષણ અને નિર્ણય માટે તાત્કાલિક પરિણામો પ્રદાન કરવામાં સફળતા મળે છે.

વધુમાં પ્રોફેસર વિજયકુમાર ગઢવી, એચઓડી, કમ્પ્યુટર એન્જિનિયરિંગ - જણાવે છે કે ‘આજના આધુનિક કમ્પ્યુટર અને ઝડપી યુગમાં ટકી રેહવા માટે સેપ ઈઆરપી અને હાના સોફ્ટવેર ખૂબ મહત્વનો ભાગ ભજવે છે અને જેમાં રોજગારની વિપુલ તકો રહેલી છે.’

# ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૯

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા યુવા સપ્તાહની ઉજવણી અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉદ્‌બોધન આપતાં વિભાગીય અધ્યક્ષ ડૉ. રાજીવ પટેલે જણાવ્યું હતું કે વર્તમાન ઈતિહાસમાં સ્વામી વિવેકાનંદ અને ગાંધીજી એમ બે મનીષિયોની ચર્ચા આપણા માટે પ્રેરણાસ્પદ છે કેમ કે બન્ને વિભૂતિઓના દિલમાં માનવ સમાજ માટે કરુણા અને કલ્યાણની ભાવના હતી. સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર નૂરી બહેન શેખે સ્વામીજીના જીવન પ્રસંગો નોંધતા કહ્યું હતું તેઓ બાહરી દેખાવ કરતાં વ્યક્તિની આંતરિક ચરિત્ર ઘડતરમાં વધુ શ્રદ્ધા ધરાવતા હતાં.

બીજા ક્રમે આવનાર પરમાર તૃપ્તિબેને સ્વામી વિવેકાનંદની નીડરતા અને આધ્યાત્મિક ઉચ્ચતાના પ્રસંગો વિશે ચર્ચા કરી યુવાનોને પ્રેરણા આપી. ત્રીજા ક્રમે વિજેતા પૂજાબેન ઠાકોરે પણ સ્વામી વિવેકાનંદના વ્યક્તિત્વ અને કર્તુત્વના પાસા ઉપર પ્રકાશ નાખતા કહ્યુ કે સ્વામીજી ખૂબ જ નાની ઉંમરે જીવનની મોટી સિદ્ધિ મેળવી યુવાનો માટે આદર્શ બન્યા હતાં.

કૌશિકભાઈએ કાર્યક્રમનું સંચાલન કરતાં જણાવ્યુ હતું કે સ્વામી વિવેકાનંદ નીડર, સાહસી અને તર્ક સમ્પન્ન એવી રાષ્ટ્રીય નહીં પણ વિશ્વ સ્તરીય પ્રતિભા હતા.

કાર્યક્રમના અંતે રાષ્ટ્રીય સેવા યોજનાનાં કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને બધા ભાગ લેનારાઓનો આભાર માનતા કહ્યું કે એક માનવી તરીકે જીવન જીવવા માટે તો સ્વામી વિવેકાનંદજીની શિક્ષાઓ ઉપયોગી છે જ પણ યુવાનો માટે તે ઉર્જાવાન બનાવવાની પ્રેરણા આપે તેમ છે.

## ડાયરેક્ટ ❤ સે

સાચું
સમજાતું તો બધાને હોય છે
પણ અફસોસ
સાચા સમયે નથી સમજાતું

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઓકે જાનુ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી હિન્દી)
૨.૧૦, ૬.૨૦, ૧૦.૩૦
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી અંગ્રેજી)
૧૨.૦૦, ૪.૧૫, ૮.૨૫

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
૭.૪૫
ગ્રાન્ડ હળી (ગુજરાતી)
૧૨.૧૫
હમીર (ગુજરાતી)
૫.૦૦
હરામખોર
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૫**
ઓકે જાનુ
સવારે ૧૦.૦૦
હરામખોર
૧૨.૩૦
દંગલ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

## ગોઝારિયાનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૯

ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળાના ધોરણ-૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હિના બાબુભાઈ રાવળે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૧૬માં સમગ્ર મહેસાણા તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. હિનાને સમગ્ર શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ગુજરાત બધાને સત્કારે છે પરંતુ બધા ગુજરાતીઓને સ્વીકૃત ગણતા નથી

**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

છેલ્લાં અઢી વર્ષથી નરેન્દ્રભાઈએ પ્રગટ કરેલા મંત્રની માળા સૌ કોઈ જપે છે. આ મંત્ર એટલે વિકાસ... સૌનો વિકાસ. જાતિ-જ્ઞાતિ કે ધર્મ-મંદિર-મસ્જિદની પુરાણી પરંપરા હવેના યુગમાં અરૂચિકર થઈ ગઈ છે એટલે વિકાસ નામનો શિરો ફટાફટ બધાને ગળે ઊતરી જાય છે અને તે સૌને સ્વાદિષ્ટ પણ લાગી રહ્યો છે. વિકાસ કરવો, વિકાસ વિચારવો, વિકાસ વહન કરવો, વિકાસ અનુભવવો એ ક્રમ સૌએ સ્વીકારી લીધો છે. વિકાસ અને બધાનો વિકાસ એ વિભાવના વિશ્વને પણ પ્રાથમિકતા લાગી રહી છે. વિકસવું એટલે શું ? માત્ર ભણીને ડિગ્રી લઈ લેવી ? માત્ર જૉબ પ્રાપ્ત થઈ જવી ? ઘરનું મકાન કે દુકાન મળી જાય એ જ વિકાસ ?

વિકાસ એટલે સતત નવલું શોધી તેમાંથી આર્થિક ઉપાર્જન વધારવું કે જ બધા જ સુખનો પાયો છે. એ બધા સુધી વ્યાપ્ત થાય તો સમાજને લાગશે કે વિકાસ થઈ રહ્યો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં જ્યાં સુધી ઈન્સાન જીવે છે ત્યાં સુધી અર્થ જ સર્વોચ્ચ છે. અર્થના ઉપાર્જનને વિકાસ સાથે સીધો અને મજબૂત સંબંધ છે. ખર્ચ કરવાની ક્ષમતા વધારવી હોય તો આવકવૃધ્ધિ થવી આવશ્યક છે. ખર્ચ ઉપરના અંકુશની વાત તો રહી જ નથી કેમ કે એ અશક્ય થઈ ગયું છે. માણસોને બસ બધું ભોગવી જ લેવું છે. કેલરીયુક્ત આહાર, આરોગ્યની સુવિધા, રહેણાંકની જગ્યા, શિક્ષણ - આ બધામાં વિકાસનું પ્રતિબિંબ પડતું હોય છે. એટલે કે આર્થિક વિકાસને માટે જ બધી ચિંતાઓ છે.



આર્થિક વિકાસ બધા માટે વિચારીએ તો બધા જ સભ્યોની સ્થિતિ સરખી નથી. તેથી નીતિનું આયોજન ગોઠવવું પડે, બજેટ બનાવવું પડે, મોનિટરીંગ જાળવવું પડે, કાનૂન પરિવર્તન કરવાનું પણ વિચારવું પડે. એ રીતે પૂરા ભારતવર્ષનો ચિતાર બદલવો પડે અને આ કામ વાસ્તવમાં અઘરૂં અને જટીલ છે. વિકાસની વાત સ્વીકૃત થઈ જાય છે કેમ કે બધાને વિકસવું જરૂર ગમે છે.

પરંતુ ભારતની વાસ્તવિકતા એટલી હદે વિકૃત તથા દયનીય છે કે એ જોતાં તો એમ જ લાગે કે અહીં બધું જ હોવા છતાં કશું જ નથી ! મૃતકના પરિવારજનો મૃતદેહને ખભા ઉપર ઉચકીને પંદર કે વીસ કિમી લઈ જાય છતાં કોઈ સંવેદનાનું ઝરણું પણ ના ફૂટે એ દેશમાં આપણે વિકસવાનું વિચારીએ છીએ. ભીમ નામની ઍપ્લિકેશન શરૂ થયું તો પણ વિવાદિત બયાનો બહાર આવે છે. જાતિ, જ્ઞાતિનાં જડ મૂળિયાં ઉખેડીને ફેંકી દેવાતાં નથી પણ મત માટે બધું વકરતાં આ મૂળિયાં વધ્યાં છે. જેની ઉપર વિતે એ જ ભોગવે એવા આ દેશમાં મંદિરો ને ધર્મસ્થાનકો જ વધ્યાં છે, આસ્થા કે માનવતા નહીં. સંસદ ચલાવનારા પ્રતિનિધિઓનો વાર્ષિક ખર્ચ અબજોને પાર કરી જાય ત્યારે જીવ અંદરથી મુંઝાય છે કેમ કે હવે લોકશાહીમાં આવું જ બચ્યું છે. કોનો કેટલો વિકાસ થયો અને હવે કોના માટે કયું કામ કરવાનું છે તેવાં કોઈ સર્વેક્ષણ થતાં નથી. બજેટની જોગવાઈ કરવામાં આવે છે, પણ રિવ્યૂ થતો નથી. ગુજરાતને દેસનું વિકાસ ઍન્જિન કહેવામાં આવે છે, અહીં સોળસો કિમીનો દરિયાકિનારો છે, વસતી છે, ઉદ્યોગો માટેનાં એકમો છે અનો વાઈબ્રન્ટ ગુજરાતની વિચારધારા પણ છે. પરંતુ ગુજરાતમાં બધું અમલી થાય ત્યારે ગુજરાતના ઉત્તમ શિક્ષિત યુવા વર્ગને બહાર જવાનું થાય છે. અહીંના શિક્ષિત ભવિષ્ય માટે નવા ઉદ્યોગ-જૉબમાં ગુજરાતની જગ્યાઓ માટેની નીતિ સત્વરે જાહેર થવી જરૂરી છે.

ગુજરાત બધાને સત્કારે છે પરંતુ બધા જ ગુજરાતીઓને સ્વીકૃત ગણતા નથી એ નોંધવા જેવું છે. ગુજરાતનો યુવા વર્ગ ખભે બેગ્સ લટકાવી છૂટક મજૂરી કરવા માટે શિક્ષિત થયો નથી એ યાદ રાખવું જ રહ્યું. ગુજરાતની ભૂમિ, સંસાધનો - બધું જ વાપરવા દઈએ તેની સામે સાચુકલા જૉબ ક્રિએશનની ઉપર જો કાનૂની રીતે નક્કર ધ્યાન દઈએ તો ગુજરાતની ગરિમા સુરક્ષિત બની રહેશે. આ માટે પ્રશાસન દ્વારા અમલીકરણ થાય તેવું પ્રજા ઈચ્છી રહી છે. ગૌ ગંગા ગાયત્રીનું મહિમાગાન કરતાં આપણે ક્યાં પહોંચી ગયા છીએ તેનું અવલોકન કોણ અને ક્યારે કરશે એ કોઈક તો કહો !

‘ઊભરા હૃદયના કાઢ, પરંતુ બધા નહીં
ફરિયાદની મજા તો ફક્ત કરકસરમાં છે.’

(મરિઝ)

# સરકારી વિજ્ઞાન કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

ગાંધીનગર, તા. ૧૯

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનનું આયોજન આગામી તા. ૨૨ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું છે.

શહેરમાં વિજ્ઞાન કૉલેજ ૧૯૭૦થી કાર્યરત છે. આ સંસ્થામાં અભ્યાસ કરનારા અનેક અધિકારીઓ, ઉદ્યોગસાહસિકોએ સમાજને પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. કૉલેજ દ્વારા આગામી સમયમાં રાષ્ટ્રકક્ષાએ સ્થાપિત મૂલ્યાંકન પરિષદ દ્વારા સંસ્થાનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ અગાઉ સંસ્થાના સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભેગા મળે, પરસ્પર પરિચય સાધે અને એકમેકનો મદદરૂપ થાય તે હેતુસર આ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૨ જાન્યુઆરીના રોજ સવારે ૯.૩૦થી ૧૧ દરમિયાન કૉલેજ પરિસર, સૅક્ટર-૧૫ ખાતે આ સંમેલન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે કૉલેજના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા આચાર્ય ડૉ. કે જી છાયા તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારી જીવન પ્રેરણા’**